# ભાષા સાથે ગોઠડી- ૨

દેવેન્દ્ર પી. ગોસ્વામી
આર. આર. લાલન કૉલેજ, ભજ-કચ્છ

## ૧. પૂર્વભૂમિકા

ગત અંકમાં આપણે ‘ભાષા સાથે ગોષ્ઠિ’માં ભાષા વિશે, તેની ઉત્પત્તિ અને સંશોધન વિશે, લિપિ અને મૂળાક્ષર વિશે અને બીજી થોડી વાતો કરેલી. ભાષાનો વિશષ દરિયાનાં ઊંડા પાણી જેવો છે. જેમ ઊંડા ઉતરતા જાઓ તેમ દરેક વખતે એક નવી જ દુનિયાનાં દર્શન થાય છે. એ દુનિયા પાછી આગળ જોયેલી દુનિયા કરતાં રોમાંચક હોય છે. અહીંયા આપણે થોડા વધુ ઊંડા ઉતરવાના છીએ. મતલબ કે, આ વખતે પણ આપણે ભાષા વિશે જ થોડી વધુ વાતો કરીશું.

## ૨. ગુજરાતી ભાષાની ચિંતા છોડો

પૂરા છ કરોડ લોકો ગુજરાતી બોલે છે અને તેમ છતાંય ઘણાને લાગે છે કે ગુજરાતી ભાષા ખતરામાં છે. ચાલો કહો જોઈએ, આપણામાંથી આજે સંસ્કૃત કેટલાને આવડે છે? અરે, સંસ્કૃત ભણાવતા મોટાભાગના શિક્ષકોય સંસ્કૃત નથી બોલી શકતા. હજુ આજે પણ ઘણીવાર દેવભાષા સંસ્કૃતને ખોઈ નાખવા માટે આપણે રોઈ લેતા હોઈએ છીએ. પણ હકીકત તો એ છે કે સંસ્કૃત કયારેય લોકભાષા રહી જ નહોતી. સંસ્કૃતની હાજરીમાં જ લોકભાષા તો પ્રાકૃત જ હતી. પાછળથી જે અપભ્રંશ થઈને આવી. માની લીધું કે અત્યારે સંસ્કૃત ચાર ચોપડીઓની વચ્ચે કેદ થઈને પડી છે, તે તો પહેલેથી જ હતી. અને અત્યારે સંસ્કૃત ચલણમાં નથી, તો શું આપણા વ્યવહારો અટકી ગયા છે? આપણાં વિકાસ રૂંધાઈ ગયો છે? અને સંસ્કૃત નથી તો શું લમણે હાથ દઈને રોવા બેસવાનું કે ગુજરાતી સાથેઆકાશ તરફ નજર માંડીને પરિવર્તનશીલ છે, તેમ ભાષા પણ અને કેમ ન હોય? માની લીધું કે થોડા અંગ્રેજી શબ્દો આવી ગયા ગુજરાતીમાં તો શું થઈ ગયું? અમીત વ્યાસ નામના કવિનો એક શેર છે -

“છે ભૂલા પડવાનો એક જ ફાયદો
કેટલા રસ્તા પરિચિત થાય છે !”

જોયું? ફાયદો જ છે ને? બીજી ભાષાના સૌંદર્યથી પણ પરિચિત થવાય ને, હેં! અને તેમ છતાંય ગુજરાતીમાં જ બોલવાનો આગ્રહ હોય તેઓને એટલું જ કહેવાનું કે, બસ-સ્ટેશન (આપણી ભાષામાં ‘બસટેશન’! છે હવે, આપણે અંગ્રેજીનેય કયાં અંગ્રેજી રહેવા દીધું છે, બોલો?) જિલ્લો, તાલુકો, કારભાર, મુકદમો, બક્ષી, કારકુન, મ્યાન, તીર, ખંજર, તોપ, મિનારો, હોજ, ફૂવારો, કિલ્લો, મહેલ, દિવાલ,દરવાજો, દસ્તાવેજ, સોદો, હલવો, શરબત, જલેબી, અત્તર, રકાબી, પ્યાલો (‘ગ્લાસ’નું ગુજરાતી?) જલસો, ખબર, જરૂર, દુનિયા, અસલ, અસર, હવા, યાદ, મહેમાન, જલદી, તંદુરસ્તી, તાજગી, કપ્તાન, કોફી, પાટલૂન, ચાવી, મેજ (‘ટેબલ’નું ગુજરાતી ?), બાલદી,ફલાણું, ફાલત, લીલામ (‘ઓકશન’નું ગુજરાતી ? ), અપીલ, માસ્તર, બુઠ્ઠો, બત્તી, ભભૂત, શહીદ, જીંદગી, ચળવળ, નિમણૂંક, દેસાઈ, મહાશય, તમાક, બટાટા, આફુસ, મોસંબી, પાદરી - આ અને આવા અનેક શબ્દોમાંથી એકય શબ્દ મૂળ ગુજરાતી નથી, પરંતુ આપણે તેમની પરોણગત કરી છે અને તેને અપનાવી લીધા છે. કદાચ આજથી બે-પાંચસો વર્ષે એ સમયના ગુજરાતી જુવાનીયાઓ ગુજરાતીની ‘છાંટ’ વાળી કોઈ અલગ જ ભાષા બોલતા હોય એવું પણ બને!

આજથી થોડા વર્ષો ઉપર એકથી વધુ પેઢીઓને વાંચન તરફ દોરી જનાર અશ્વિની ભટ્ટ જેવા ગુજરાતી સર્જક પણ ઉર્વીશ કોઠારીને આપેલા ઈન્ટરવ્યૂમાં ‘ગુજરાતી ભાષાનું અસ્તિત્વ જોખમમાં છે’ એ મુજબની ટીપ્પણી કરે ત્યારે આશ્ચર્ય થાય જ. અરે, છ-છ કરોડ લોકો દિવસ-રાત જે ભાષામાં વાત કરતા હોય, એ ભાષાનો ક્ષય એમ કંઈ રાતોરાત થઈ જવાનો નથી અને બધું જ હંમેશ માટે ટકવાનું નથી! આજથી બે-પાંચસો વર્ષ પછી શું થવાનું છે તેની ચિંતા અત્યારથી શા સાર કરવાની? તો પછી છોડોને ભાઈ ગુજરાતીની ચિંતા, આમેય કહયું છે કે ને - ‘ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે!’

## ૩. અંગ્રેજી ભાષાય મૂળ અંગ્રેજી નથી

આજે અંગ્રેજી ભાષાનો ડર બધી ભાષાઓને સતાવી રહયો છે. વાત સાવ કાઢી નાખવા જેવીય નથી અને બહુ મન ઉપર લઈ લેવા જેવીય નથી. હા, આ ભાષાએ ઘણી ભાષાનો ખુરદો કાઢી નાખ્યો છે એ વાત સાચી, પણ તેના પાછળની સાચી સ્ટોરી આપણને ખબર નથીએટલે આપણે સતત ડયા કરીએ છીએ. અરે હકીકત તો એ છે કે, આપણે જેને અંગ્રેજોની ભાષા ગણીએ છીએ તે ખરેખર તો અંગ્રેજોની ભાષા છે જ નહીં. છે ને શોકિંગ સ્ટેટમેન્ટ? પણ કેવી રીતે? ચાલો જોઈએ. ઈસવીસન આઠમી સદીમાં અંગ્રેજી ભાષાનો ઘાટ ઘડાવવાનો શરૂ થયો ત્યારે હજી ત 'ઈગ્લિશ' એવા નામથી ઓળખાતી નહોતી. ઈગ્લિશ ભાષાની ૧૩૦૦ વર્ષની આવરદા જોતાં લેટિન, સંસ્કૃત, હિબ્રૂ જેવી પ્રાચીન ભાષાઓની સરખામણીમાં તે તદ્દન નવી જ કહેવાય. આજથી બે હજાર વર્ષ પૂર્વે 'ઈંગ્લેન્ડ' શબ્દ પણ નહોતો બન્યો. ત્યારે હું માત્ર 'બ્રિટન' બ્રિટનના મૂળ લોકો 'બ્રિટોન' તરીકે ઓળખાતા હતા. આ લોકો વેલ્સ, આઈરિશ, કોર્નિશ, સ્કોટિસ, મેન્ક્સ જેવી કેટલીક જુદી જુદી ભાષાઓ બોલતા હતા. ઈસવીસનની પાંચમી-છઠ્ઠી સદી દરમિયાન બ્રિટન ઉપર અનેક આક્રમણો થયાં. આ આક્રમણકારીઓમાં મુખ્યત્વે અગલ્સ જાતિની લડાયક કોમ હતી. આ અગલ્સ જાતિના લોકો પોતાને ઈંગ્લા તરીકે ઓળખાવતા હતા. તેમની ભાષા હતી 'ઈગ્લિસ્ક' ('ઈગ્લિશ' નહીં). ચાર- પાંચસો વર્ષોમાં લગભગ આખું બ્રિટન આ ઈંગ્લા લોકોના તાબામાં આવ્યું. આથી ઈંગ્લા લોકોએ બ્રિટન પર પોતાનું વર્ચસ્વ સૂચવતું 'ઈંગ્લા-લેન્ડ' એવું નામ રાખ્યું. પછીના વર્ષોમાં એ જ 'ઈંગ્લાલેન્ડ' 'ઈંગ્લેન્ડ' તરીકે ઓળખાતું થયું. ઓક્સફડ ડિક્શનરી મુજબ 'ઈંગ્લેન્ડ' શબ્દનો સૌ પહેલો પ્રયોગ ઈ.સ. ૮૯૭ માં થયો હતો. જ્યારે અત્યારે 'ઈંગ્લેન્ડ'નો જે મોડન સ્પેલિંગ આપણે લખીએ છીએ, એ તો છેક ૧૫૩૮માં પહેલીવાર લખાયો હતો.

સમય જતાં આ ઈંગ્લા લોકોની ઈગ્લિસ્ક ભાષામાં લેટિન, સ્કન્ડિનેવિયન, ફ્રેન્ચ અને બીજી અનેક સમૃદ્ધ ભાષાઓના શબ્દો ઉમેરાતા ગયા અને પાછળથી 'ઈગ્લિશ' તરીકે ઓળખાવાની હતી તે ભાષાને સમુદ્ધ કરતા રહયા. વળી, શેક્સપિયર જેવા મહાન લેખકે પણ 'ઈગ્લિશ'ના શબ્દભંડોળને ઠીકઠીક સમુદ્ધ કયુ. અંગ્રેજોનાં ભારત પરનાં શાસન દરમિયાન પણ ઈગ્લિશ વધુ સમુદ્ધ બની છે. ગુજરાતીમાંથી તેણે કેટલાય શબ્દો ઉછીના લીધા છે.

હવે મજાની કે સજાની વાત તો એ છે કે વીતતાં વર્ષો સાથે સમુદ્ધ થતી ગયેલી ઈગ્લિશે પેલીવેલ્સ આઈરિશ, કોર્નિશ, મેન્ક્સ જેવી ભાષાઓ ઉપર જ આક્રમણ કર્યુ. તેના પ્રતાપે કોર્નિશ ભાષા ઈ.સ.૧૭૭૭ માં અને મેન્કસ ભાષા ઈ.સ. ૧૯૭૪ માં લુપ્ત થઈ ગઈ. (જોકે, અત્યારે આ બંને ભાષાઓને ઈંગ્લેન્ડની સરકારે ખાસ અભ્યાસક્રમ દ્વારા ફરીથી 'જીવીત' કરી છે. અને એ રીતે આજે આ બંને ભાષાના ૫૦-૧૦૦ જેટલા જાણકારો છે.) તો એક સમયના બ્રિટનમાં દબદબો ભોગવતી વેલ્સ ભાષાનાં આજે પાંચ લાખ જાણકારો અને આઈરિશ ભાષાના ૫૦ હજારથીય ઓછા જાણકારો બાકી રહયાછે. હવે કહો જોઈએ કે જે ભાષા બ્રિટનની જ બધી મૂળ ભાષાઓ માટે પ્રાણઘાતક નીવડી હોય, તો બીજી ભાષાઓ પરનાં તેનાં આક્રમણની ફરિયાદ કોને કરવાની ?

## ૪. ચિત્રલિપિ

લિપિ તો સમજયા, પણ આ ચિત્રલિપી એટલે શું ? સાદી ભાષામાં કહેવું હોય તો સામાન્ય અક્ષરો કરતાં ચિત્રો જેવા લાગતા અક્ષરો વડે લખાય તે ચિત્રલિપિ, ચાઈના, જાપાન, ઉત્તર અને દક્ષિણ કોરિયા જેવા દેશોમાં લિપિ નહીં, પણ ચિત્રલિપિ છે. આપણે ત્યાં નિશાળમાં દાખલ થતાં ટાબરિયાંઓને કલમનો 'ક' અને ખડીયાનો 'ખ' ગોખવાનો આવે છે, એવું આ દેશોમાં થતું નથી. આપણે ત્યાં ક, ખ, ગ, ઘ જેવા મૂળાક્ષરો આવડી ગયા એટલે પત્યું, પરંતુ ચાઈના, જાપાન જેવા દેશોમાં તો ટાબરિયાંઓ શાળામાં દાખલ થયા નથી કે માયા ઠાર! કેમ કે, ચીની, જાપાની ભાષામાં કંઈ પણ લખવું હોય તો તેનું ચિત્ર દોરવું પડે છે, તે પછી વ્યકિત હોય કે વસ્તુ! આવી રીતે ચીજવસ્તુઓ ગણવા બેસીએ તો તેના પાર આવે નહીં. શાળાનાં બાળકોને દરરોજ બે-ચાર નવાં ચિત્રો શીખવવામાં આવે છે. ચિત્રલિપિ વાપરતા દેશોમાં ખરેખર કેટલાં ચિત્રો કે કેરેક્ટર્સ ભાષા લખવા માટે વપરાય છે તે આજ સુધી ચર્ચાનો વિષય રહયો છે. ૧૮મી સદીમાં યુરોપીયન વિદ્વાનોએ આવા ૮૦ હજાર ચિત્રો હોવાનો દાવો કરેલો. વળી, જુદી-જુદી ડિકશનરીઓ મુજબ પણ આ આંકડો જુદો-જુદો જવા મળે છે. જેમ કે, ચાઈનાની 'કાંગ્ઝી' ડિકશનરીમાં ચાલીસ હજાર ચિત્રો છે. તો, 'ઝોંઘુ આ ઝિ હાઈ'માં એંસી હજારથી વધુ ચિત્રો છે. કોરીઆની 'હાન-હાન દાઈ સેજેઓં'માં સાઈઠ હજાર ચિત્રો છે. તો જાપાની 'દેઈ કાન-વા જિતેન' નામની ડિકશનરીમાં પચાસ હજાર ચિત્રો છે. જોકે, ચિત્રો ગમે તેટલાં હોય, પણ આજના ચાઈનામાં પણ ઉચ્ચ

અભ્યાસ કરેલ એક સરેરાશ ચાઈનીઝ વ્યકિત લગભગ ૪૦૦૦ થી ૬૦૦૦ ચિત્રો જ ઓળખી શકે છે. ત્યાંનાં અખબાર વાંચવા માટે લગભગ ૩૦૦૦ જેટલાં ચિત્રો આવડતાં હોય તે જરૂરી છે. ૨૦૦૦ જેટલાં ચિત્રો આવડતાં હોય તેવા લોકોને ત્યાંની સરકાર 'સાક્ષર' ગણે છે.

છેલ્લે એક આડ વાત... પરિચય ન હોવાને લીધે લોકો ઘણીવાર ચાઈનીઝ, જાપાનીઝ, કોરીઅન આદિ ભાષાઓને એક જ ગણી લે છે. પરંતુ, ખરેખર તે બધી જ અલગ-સ્વતંત્ર ભાષાઓ છે. હા, એ ખરું કે જાપાનીઝ ભાષનાં મૂળ ચાઈનીઝમાં રહેલાં છે. પરંતુ એતો ઘણી જૂની વાત છે. વીતતા સમયે સાથે જાપાને પોતાની સ્વતંત્ર 'રાઈટિંગ સીસ્ટમ' વિકસાવી છે. કેટલાક અક્ષરો-ચિત્રલિપિના સંકેતો ચાઈનીઝ ભાષા સાથે સામ્ય ધરાવે છે, પણ એમાંથી ઘણા સંકેતો અલગ ઉચ્ચાર અને અથ ધરાવે છે

## ૫. સીટી વડે બોલાતી (કે વગાડાતી?) ભાષા

આપણે જયાં રહીએ છીએ ત્યાં આસપાસ સતત માણસોના અવાજો સંભળાયા કરે છે. ભીડ, શોરબકોર, ગણગણાટ, કલબલાટ, બૂમો,ચીસો આપણા જીવનનું અભિન્ન અંગ બની ગયા છે. આપણને આદત પડી ગઈ છે આ બધાની. હવે કલ્પના કરી જુઓ કે આપણી આજુબાજુ માત્ર સીટીઓના અવાજો જ આવ્યા કરતા હોય તો કેવું લાગે?! હા, બિલકુલ બરાબર સાંભળ્યું તમે. 'વિસલ્ડ લેંગ્વેજ' એટલે કે માત્ર સીટી વડે બોલાતી ભાષાઓ જગતના જુદા-જુદા ભાગોમાં મળી આવી છે. સમગ્ર વિશ્વમાં કેટલાંક માનવજૂથોએ તેમની ભાષાઓનું 'સીટી સંસ્કરણ' વિકસાવ્યું છે, જે 'વ્હિસલ્ડ લેંગ્વેજ' તરીક ઓળખાય છે. કેમ કે, એમાં મૌખિક ધ્વનિઓની જગ્યાએમાત્ર સીટી કે સિસોટી વગાડીને જ લોકો વચ્ચેનો વાર્તાલાપ ચાલે છે. આવી સીટીવાળી ભાષાઓ મુખ્યત્વે પહાડી કે ગાઢ વૃક્ષાચ્છાદિત વિસ્તારમાં, કે જયાં માણસ બોલે કે બૂમ પાડે તે બીજા સાંભળી શકે તેમ ન હોય, ત્યાં બોલવામાં આવે છે. કેમ કે, સીટીનોવનિ બોલાયેલા શબ્દોના ધ્વનિ કરતાં ઝડપી અને લાંબી મજલ કાપી શકે છે. કેનેરી આઈસલેન્ડ્સના ગોમેરા ટાપુની 'સિલ્બો', પાયટેનીસ પર્વતમાળામાં આવેલા 'આસ' નામના ફ્રાન્સના એક ગામડામાં બોલાતી ભાષા, ગ્રીસના યુબીઆ આઈસલેન્ડ ઉપર આવેલા એન્તિઆ નામના ગામની સીટી લેંગ્વેજ, ટર્કી ના કુસકોય ગામની તુક ભાષાનું 'સીટી સંસ્કરણ', મેક્સિકોના ઓક્સાકા રાજયની માઝાટેકન અને ચિમાન્ટેક્સભાષાઓ, બ્રાઝિલના મુરા લોકોની પિરાહા ભાષા, નેપાળના ચેપાંગ લોકોની ચેપાંગ ભાષા, પશ્ચિમી આફ્રિકાની પોરુબા અને ઈવી ભાષા - આ અને આવી બીજી ઘણી ભાષાઓ છે જે સીટી સ્વરૂપે બોલાય છે. આમ જોવા જઈએતો ખરી વાત તો એ છે કે સીટી વડે બોલાતી ભાષા એ જે-તે સ્થાનિક ભાષાને પદભ્રષ્ટ કરીને નથી બોલાતી, ખરેખર તો તે બોલાતી ભાષા ઉપર જ આધાર રાખેછે. બોલાતી ભાષાના શબ્દોને અહીં સીટીના જુદી તરેહના અવાજોમાં ઢાળીને બોલવામાં, સોરી! વગાડવામાં આવે છે.

ઉપર ગણાવી એ બધી ભાષાઓમાં કેનેરી ટાપુસમૂહના 'સિલ્બો' ભાષા સૌથી જાણીતી છે. અને તેના ઉપર જ સૌથી વધારે સંશોધનો થાયાં છે. મૂળે તો તે સ્પેનિશ ભાષાનું જ 'સીટી' સ્વરૂપ છે. અહીંના ગોવાળ કે ખેડૂતને ઘરે પહોંચવામાં મોડું થવાનું હોય, તો તેઓ સીટી વડે જ પોતાના ઘરે મેસેજ પહોંચાડે છે. બજારમાં ઘણીવાર સ્પેનિશમાં વાતચીત કરી શકાય તેમ હોય તો પણ લોકો સીટી વગાડીને જ વસ્તુનો ભાવ પૂછે છે, અને સામી બાજુ વેપારી પણ સીટી વગાડીને જવાબ આપે છે. આ આખા વૃત્તાંતને તુક્કો સમજીને હસી કાઢનાર જાણી રાખે કે આ બધી ભાષાઓનું ઓફિશ્યલ રેકોર્ડિંગ પણ થયેલું છે. જોકે, આમાંની કેટલીક ભાષાઓ 'વગાડનાર' ન હોવાને લીધે લુપ્ત પણ થઈ ગઈ છે. જોકે, કેનેરી ટાપુસમૂહના લોકોએ 'સિલ્બો'ને બચાવી રાખવા માટે સ્કૂલ પણ ખોલી છે. સમગ્ર વિશ્વમાં તે કદાચ સૌથી ખાસ સ્કૂલ હશે. કેમ કે, આપણે ત્યાં કલામાં કોઈ તોફાની વિધાર્થી સીટી મારે તો તેને સજા કરવામાં આવે છે, જયારે કેનેરીના આ સ્કૂલમાં સીટી વગાડતાં ને આવડે તો શિક્ષક સજા કરે છે અને પોતે જ સીટી કેમ વગાડાય તે શીખવાડે છે!

## ૬. લુપ્ત થતી ભાષાઓ

જેમ માનવ એ સામાજીક પ્રાણી છે, તેવી જ રીતે ભાષા પણ સમૂહમાં જ જન્મે છે, વિકસે છે, ભરપૂર બોલાય છે, મા જેવી મીઠી લાગે છે, અને સમૂહ વિના ઓસરે છે, ઘસાય છે, વિસર્જન પામે છે અને માની જેમ યાદ આવે છે. દુનિયામાં જેમ બધું જ પરિવર્તનશીલ છે, તેમ ભાષા પણ. ગયા હપ્તે આપણે જાણ્યું કે આજથી દસ હજાર વર્ષ ઉપર વિશ્વમાં અંદાજે ૧૫૦૦૦ ભાષાઓ બોલાતી હતી. આજે એ આંકડો માંડ છ-સાત હજારનો રહયો છે. બાકીની હજ્જારો ભાષાઓ કળક્રમે લુપ્ત થઈ ગઈ છે. અથવા તો એમ કહો કે ગુફાની દિવાલો પર, શિલાલેખોમાં, તાડપત્રોમાં કેદ રહી જવા પામી છે. વધુ આઘાતજનક વાત તો એ છે કે બચી ગયેલી ૬૦૦૦ જેટલી ભાષાઓમાંથી પણ ચાલુ સદીના અંત ભાગ સુધી લગભગ ૬૦૦ જેટલી ભાષાઓ જ જીવતી રહેશે એવો ભાષાવિદોનો અંદાજ છે. એટલે સરેરાશ ગણો તો વિશ્વમાંથી દર વર્ષે પચાસેક જેટલી ભાષાઓનું નિકંદન નીકળતું જવાનું છે. ભારતની વાત કરીએ તો અત્યારે લગભગ પોણા બસો જેટલી ભાષાઓનું અસ્તિત્વ

સંકટમાં છે. તેમાંની ચાલીસ જેટલી ભાષાઓ તો ક્રિટિકલ કહી શકાય તેવી સિચ્યુએશનમાં છે. કેમ કે, તે બોલનાર માત્ર દાદ-દાદીઓ એટલે કે વડીલો જ બાકી રહયા છે. નવી પેઢીને એ ભાષાઓ આવડતી નથી. જેમ કે, અઈમોલ, બધાટી, બંગાની, બેલ્લારી, બિરહોર, હન્દુરી, કોટા, કરુબા, કોરાગા, લમગંગ, લેમોગ્સે, લંગેરાંગ, માંડા, નાઈકિ, નિહાલિ, ઓગે, પાર્જી, સિરમૌડી, સૌનેન્યો, પુરુમ, પુ, તોતો, તોડા, તાઈ-રોંગ, તાકાહાનિલંગ જેવી અનેક ભાષાઓનું અસ્તિત્વ મટી જવાના આરે છે. કમનસીબે આવનારાં વર્ષોમાં નહીં, પણ આવનાર મહિનાઓમાં કે દિવસોમાં જ ઉપર જેની વાત કરી તે ભાષાનું અસ્તિત્વ મટી ગયાના સમાચારો સાંભળાય, તો આશ્ચર્ય ન પામતા.

એક-બે ઉદાહરણો જોઈએ. વાત ભારતની નહી, અમેરિકાની છે. યાહી જાતિનો એક રેડ ઈન્ડિયન આદિવાસી ૧૯૧૧માં કેલિફોર્નિયા રાજયના ઓરોવિલ ગામમાંથી મળી આવ્યો, ત્યારે તે યાહી ભાષા બોલનાર છેલ્લી વ્યક્તિ હતો. યાહી ભાષામાં 'માણસ' ને 'ઈશી' કહેવાય. તેથી એક માનવવંશશાસ્ત્રના વિદ્વાને તેને ઈશી' નામ આપેલું. ૧૯૧૬માં તે મૃત્યું પામ્યો ત્યારે સ્વાભાવિક રીતે જ યાહી ભાષા તેના છેલ્લા જાણકાર સાથે મૃત્યુ પામી. એક ઉદારહણ ભારતનું પણ જોઈએ. 'બો' નામની ભાષા (કે જેને અકા-બો' કે 'બા' આંદામાનીઝ ભાષાનું ત્યારે નિકંદન નીકળી ગયું, જ્યારે આ ભાષા બોલનારી બોઆ નામની છેલ્લી મહિલા ૮૫ વર્ષની વયે ૨૬મી જાન્યુઆરી ૨૦૧૦ના રોજ મૃત્યુ પામી. જોકે, બોઆ મૃત્યુ પામી એ પહેલા જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી, દિલ્હીમાં ભાષાશાસ્ત્રનાં વિદ્વાન પ્રોફેસર અન્વિતા અબ્બીએ મૃત્યુ પામતી એ ભાષાનું સૌંદર્ય લોકો સામે લાવવાનું મહત્ત્વનું કાય કયુ છે. તેમણે આ 'બો' ભાષાનાં શબ્દો અને ગીતો રેકોર્ડ કરીને રાખ્યાં છે. તેઓ ૨૦૦૫ ની સાલથી બોઆ સાથે મળીને 'બો' ભાષાનું ડોક્યુમેન્ટેશન કરી રહયા હતા, આદિવાસી અને જેનું અસ્તિત્વ ખતરામાં હોય એવી ભાષાઓમાં કરલા પ્રદાન બદલ ૨૦૧૩માં પ્રોફેસર અન્વિતાને પદ્મશ્રી પણ મળ્યો છે.